સુરત જિલ્લા પંચાયતમાં અડધી જાહેરાત, અડધું સસ્પેન્સ

જિ.પં.પ્રમુખ માટે સમીર મોદી અને ઉપપ્રમુખ તરીકે ચૌધરી ફાઈનલ

કારોબારી અધ્યક્ષ, શાસકપક્ષના નેતા અને દંડકના નામો અટકતાં ‘વેઈટ એન્ડ વોચ’ની નીતિ અપનાવાઈ હોવાની ચર્ચા

રવિવારે પણ જિલ્લા પંચાયતમાં રાજકીય માહોલ જામ્યો હતો

રવિવારે રજાના દિવસે પણ જિલ્લા પંચાયત કચેરી ખાતે રાજકીય માહોલ જામ્યો હતો. સવારથી જ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં જિલ્લા પંચાયત પર એકત્ર થયા હતા. સાંસદ મુકેશ દલાલ, ચોર્યાસી ધારાસભ્ય સંદીપ દેસાઈ, ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલ, ધારાસભ્ય ગણપત વસવા અને જિલ્લા ભાજપ પ્રમુખ ભરત રાઠોડ સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. મોવડી મંડળ તરફથી મેન્ડેટ મળ્યા બાદ સમીર મોદી અને ઉમેદ ચૌધરીએ પોતાના ઉમેદવારી ફોર્મ ભર્યા હતા, જેને જિલ્લા વિકાસ અધિકારીએ સ્વીકાર્યા હતા.

સુરતઃ સુરત જિલ્લા પંચાયતના સત્તા સંઘર્ષ અને હોદ્દેદારોની વરણીને લઈને છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા રાજકીય સસ્પેન્સનો એક ભાગ આખરે સમાપ્ત થયો છે.

ભાજપ મોવડી મંડળે જિલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે સમીર મોદી અને ઉપપ્રમુખ પદ માટે ઉમેદ ચૌધરીના નામોને અંતિમ મંજૂરી આપતા બંને ઉમેદવારોએ રવિવારે વિધિવત ઉમેદવારી નોંધાવી દીધી હતી. આજે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં મળનારી ખાસ સામાન્ય સભામાં બંનેની સત્તાવાર વરણી જાહેર કરવામાં આવશે.

જો કે, આ સમગ્ર પ્રક્રિયામાં સૌથી વધુ ચર્ચા કારોબારી સમિતિના ચેરમેન સહિતના અન્ય મહત્વપૂર્ણ હોદ્દાઓના મેન્ડેટ અટકતાં શરૂ થઈ છે. સામાન્ય રીતે પ્રમુખ-ઉપપ્રમુખની સાથે કારોબારી સમિતિના અધ્યક્ષ, શાસક પક્ષના નેતા અને દંડકના નામો પણ એકસાથે જાહેર કરવામાં આવતા હોય છે. પરંતુ આ વખતે માત્ર સુરત જિલ્લા પંચાયત માટે જ પ્રદેશ મોવડી મંડળે અંતિમ ક્ષણે નિર્ણય લંબાવ્યો હોવાનું સામે આવ્યું છે.

રાજકીય સૂત્રોના જણાવ્યા મુજબ, કારોબારી સમિતિના ચેરમેન પદ માટે ભારે લોબિંગ ચાલી રહ્યું હતું અને અનેક નામો ચર્ચામાં હતા. તેમાં બ્રિજેશ પટેલનું નામ સૌથી આગળ મનાતું હતું. પરંતુ હવે કારોબારી અધ્યક્ષ સહિતના બાકીના હોદ્દેદારોની વરણી આગામી સામાન્ય સભા સુધી મુલતવી રાખવામાં આવી છે.

આગામી દિવસોમાં મળનારી બીજી સામાન્ય સભામાં બાંધકામ, આરોગ્ય, શિક્ષણ, સામાજિક ન્યાય સહિતની વિવિધ વૈધાનિક સમિતિઓના ચેરમેન અને સભ્યોની પણ સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. એટલે કે જિલ્લા પંચાયતના સત્તાના કેન્દ્રમાં હજુ પણ રાજકીય ગતિવિધિઓ ચાલુ જ રહેવાની સંભાવના છે.

યશ્વી પટેલ પ્રમુખ અને અશોક પટેલ ઉપપ્રમુખ તરીકે બિનહરીફ વરાયા

કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે અજય પટેલની વરણી

પક્ષના નેતા તરીકે રીના પટેલ અને દંડક તરીકે જયા વાંસિયાની નિમણૂક

સુરતઃ ચોર્યાસી તાલુકા પંચાયત ખાતે મળેલી વિશેષ બેઠકમાં યશ્વીબેન ચિરાગભાઈ પટેલને પ્રમુખ અને અશોકભાઈ ફકીરભાઈ પટેલને ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ચૂંટણી અધિકારી તથા નાયબ કલેક્ટર (સુડા) તૃપ્તિ પટેલના અધ્યક્ષ સ્થાને ચોર્યાસી તાલુકા પંચાયત કચેરીના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં પ્રમુખ પદ માટે યશ્વીબેન પટેલ (મોહણી)ના નામની દરખાસ્ત વિવેકભાઈ હસમુખભાઈ પટેલ દ્વારા રજૂ કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ પદ માટે અશોકભાઈ પટેલ (લાજપોર)ના નામની દરખાસ્ત પ્રીતેશભાઈ વાંઝવાલા દ્વારા મૂકવામાં આવી હતી. બંને નામો પર સર્વાનુમતે મહોર મારવામાં આવી હતી. ભાજપ સંગઠને તાલુકા પંચાયતના અન્ય મહત્વપૂર્ણ હોદ્દાઓની પણ જાહેરાત કરી હતી. કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે અજયભાઈ ડાહ્યાભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી. જ્યારે પક્ષના નેતા તરીકે રીનાબેન ધનસુખભાઈ પટેલ અને દંડક તરીકે જયાબેન જયદીપસિંહ વાંસિયાની નિમણૂક કરવામાં આવી હતી. આ પ્રસંગે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ, તાલુકા ભાજપના પ્રભારી કેયુરસિંહ પરમાર, તાલુકા ભાજપ પ્રમુખ હાર્દિક પટેલ, ભાજપના મહામંત્રીઓ, જિલ્લા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો તેમજ મોટી સંખ્યામાં ભાજપના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

પાલ ફોર્ચ્યુન મોલમાં જ નકલી ઓઈલ વેચાતું હતું

ડુપ્લિકેટ એન્જિન ઓઈલનો રૂ. ૭૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત, અડાજણના ૨૫ વર્ષીય વેપારીની ધરપકડ

સુરતઃ પાલ પોલીસે બાતમી આધારે ફોર્ચ્યુન મોલની એક દુકાનમાં દરોડા પાડી એક વેપારીને કેસ્ટ્રોલ કંપનીનું ડુપ્લીકેટ એન્જિન ઓઈલ વેચતા પકડી પાડ્યો હતો. પોલીસે વેપારીની દુકાનમાંથી 180 નંગ ડુપ્લિકેટ ઓઈલની બોટલ સહિત 76,500ની મત્તા કબજે કરી હતી. આ મામલે ગુનો નોંધી અડાજણના ૨૫ વર્ષીય વેપારીની ધરપકડ હતી.

‘નેત્રિકા કનસલ્ટિંગ ઈંડિયા પ્રા. લિ.’ કંપનીમાં એક્ઝિક્યુટીવ તરીકે ફરજ બજાવતા સની વિજયકુમાર જૈનને ખાનગી રાહે બાતમી મળી હતી કે, સુરતના પાલ ગેલેક્ષી સર્કલ પાસે આવેલા ફોર્ચુન મોલના ત્રીજા માળે, દુકાન નંબર બી/૩૬૧માં કેસ્ટ્રોલ કંપનીના ડુપ્લિકેટ એન્જિન ઓઈલનું વેચાણ થઈ રહ્યું છે. જેથી સ્થાનિક પોલીસ સાથે મળી તેમણે દરોડા પાડ્યા હતા.

દુકાનદાર તીર્થ કલ્પેશભાઈ શાહ (ઉ.વ. ૨૫, રહે. પૂજન એપાર્ટમેન્ટ, જોગાણી નગર, અડાજણ)ને સાથે રાખી કંપનીના અધિકારીઓએ પોલીસ અને પંચોની હાજરીમાં દુકાનમાં તપાસ કરતા ‘CASTROL ACTIVE 20W-40’ લખેલા ૯ બોક્ષ મળી આવ્યા હતા.

આ ઓઈલ ડુપ્લીકેટ હોવાનું સાબિત થતા પોલીસે વેપારી પાસે આધાર-પુરાવા કે કંપનીનું લાયસન્સ માંગ્યું હતું, જે રજૂ કરવામાં વેપારી નિષ્ફળ રહ્યો હતો. પોલીસે દુકાનમાંથી 900 મિલીની ક્ષમતા ધરાવતી કુલ 76,500 કિંમતની 180 નંગ બોટલો (૧૬૨ લીટર નકલી એન્જિન ઓઈલ) જપ્ત કર્યું હતું.

ડાંગમાં કમોસમી ઝરમર વરસાદ, વાતાવરણ આહલાદક બન્યું

એક તરફ ખેટૂતોને ચિંતા તો બીજી તરફ સાપુતારામાં સહેલાણીઓને મોજ પડી

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે વિવિધ વિસ્તારોમાં ઝરમર કમોસમી વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. ઉનાળાની આકરી ગરમી વચ્ચે પડેલા આ કમોસમી વરસાદથી ગ્રામ્ય વિસ્તારોમાં લોકોમાં રાહતનો અનુભવ થયો હતો, જ્યારે પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠતા સમગ્ર જિલ્લાનું વાતાવરણ આહલાદક બની ગયું હતું. સાપુતારા ખાતે વહેલી સવારથી જ વાદળોએ નિલગગન આકાશમાં ઘેરાવો ભરતા મનમોહક દશ્યો સર્જાયા હતા. હિલ સ્ટેશનના વિવિધ જોવાલાયક સ્થળો ધુમ્મસ અને વાદળોની ચાદરમાં લપેટાઈ જતાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સાપુતારા ખાતે વિકેન્ડમાં સર્પગંગા તળાવ, સનસેટ પોઈન્ટ, ગવર્નર હિલ તેમજ અન્ય પ્રવાસન સ્થળોએ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. પ્રવાસીઓએ કુદરતી નજારાઓની વચ્ચે બોટિંગ, રોપવે, પેરાગ્લાઈડિંગ સહિતની વિવિધ એડવેન્ચર એક્ટિવિટીઓનો આનંદ માણ્યો હતો. વરસાદી છાંટાનો માહોલ અને ઠંડકથી છલકાતા દશ્યોને કારણે પ્રવાસીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. ડાંગ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ કમોસમી વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતા વધી છે. જોકે કેટલાક વિસ્તારોમાં અચાનક બદલાયેલા વાતાવરણને કારણે દૈનિક જનજીવન પર સામાન્ય અસર પણ જોવા મળી હતી.

સાંજ સુધીમાં દીકરી પાછી લાવો નહીં તો માથા ફાડી નાંખીશ

પ્રેમલગ્નના વિરોધમાં યુવતીના પિતા અને કાકા સહિત ૪ જણાનો વેવાઈના ઘર પર હલ્લો

જૂના કોસાડ રોડ પર જાહેરમાં ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી

સુરતઃ અમરોલી વિસ્તારમાં પ્રેમલગ્નનો ખાર રાખીને યુવતીના પિતા, કાકા અને ભાઈ સહિતના સાસરિયાઓએ યુવકના ઘરની બહાર આવીને લોખંડની પાઈપ સાથે આતંક મચાવ્યો હતો.. દીકરી પ્રેમલગ્ન કરીને યુવક સાથે ચાલી જતાં ઉશ્કેરાયેલા પિતાએ યુવકના ભાઈ અને પરિવારને સાંજ સુધીમાં દીકરીને હાજર કરવા અલ્ટીમેટમ આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

અમરોલીના જૂનો કોસાડ રોડ પર આવેલી મનીષા સોસાયટીમાં રહેતા અને નોકરી કરતા ૨૫ વર્ષીય રઘુવીરસિંહ છત્રસિંહ રાજે આ અંગે અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી રઘુવીરસિંહના ભાઈ દિગ્વિજયસિંહે તેમની જ સોસાયટીમાં રહેતા જયસુખભાઈ વરિયાની દીકરી રૂચિકા સાથે પ્રેમલગ્ન કરી લીધા છે.

લગ્ન બાદ બંને ક્યાંક ચાલ્યા ગયા હોય, જેની અદાવત રાખીને ગત તા. ૨૩મીએ સવારે ૮:૪૫ વાગ્યે યુવતીના પિતા જયસુખભાઈ બાબુભાઈ વરિયા, કાકા અરવિંદ વરિયા, ભરત વરિયા અને ભાઈ અમિત વરિયાએ ફરિયાદીના ઘરની બહાર આવીને હોબાળો મચાવ્યો હતો.

ઘરની બહાર ધસી આવેલા આરોપી કાકા અરવિંદે જાહેરમાં ધમકી આપી હતી કે, “સાંજે આઠ વાગ્યા સુધીમાં અમારી દીકરી રૂચિકા પાછી જોઈએ, નહીંતર મજા નહીં આવે.” આ દરમિયાન પિતા જયસુખભાઈએ પોતાના હાથમાં રહેલી લોખંડની પાઈપ બતાવીને ફરિયાદી રઘુવીરસિંહને કહ્યું હતું કે, “મારી દીકરીને ગમે ત્યાંથી લઈ આવ, જો નહીં લાવે તો માથાં ફાડી નાખીશ.” આટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદી, તેમની પત્ની અને માતાને જાહેરમાં ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું.

ટોળા વળીને આવેલા અમિત અને ભરત નામના શખસો પણ ગાળો આપવા લાગ્યા હતા, જ્યારે જયસુખભાઈએ “તને અને તારા ભાઈને હું જીવતો નહીં રહેવા દઉં” તેવી ખુલ્લેઆમ ધમકી આપી હતી. આ હિંસક આતંકથી ગભરાઈ ગયેલા પરિવારે અંતે અમરોલી પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે રઘુવીરસિંહની ફરિયાદના આધારે ચારેય આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પરિણીતાને મરવા મજબૂર કરનારા જેઠને મધ્યપ્રદેશમાંથી ઝડપી લેવાયો

દહેજ ભૂખ્યા સાસરિયાના ત્રાસથી પરિણીતાએ ગત ૨૭ ફેબ્રુઆરીએ ફાંસો ખાધો હતો

સુરતઃ વરાછામાં ત્રણ મહિના પહેલાં દહેજની માંગણી અને સાસરિયાના ત્રાસથી કંટાળીને ફાંસો ખાઈ આપઘાત કરનાર પરિણીતાના કેસમાં વરાછા પોલીસે છેલ્લા ત્રણ મહિનાથી નાસતા ફરતા મુખ્ય આરોપી (જેઠ)ને મધ્યપ્રદેશના મુરેના ખાતેથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

વરાછાના પોલીસ કર્મચારી પૃથ્વીરાજસિંહને બાતમી મળી હતી કે, પરિણીતાને મરવા મજબૂર કરવાના ગુનાનો આરોપી સતીશ મુરલીધર કુશવાહ મધ્યપ્રદેશના મુરેનામાં છુપાયો છે. વરાછા પોલીસની મધ્યપ્રદેશ પહોંચેલી ટીમે મુરેનાના ગોપિયાપુરા વિસ્તારમાં વોચ ગોઠવી હતી. પોલીસે આખરે ઘેરાબંધી કરીને આરોપી સતીશ મુરલીધર કુશવાહ (ઉ.વ. ૨૭, રહે. ગોપિયાપુરા, જિ. મુરેના, મધ્યપ્રદેશ)ને દબોચી લીધો હતો.

આ ચકચારી કેસની વિગત મુજબ, ફરિયાદી બલબીરસિંહ કુશ્વાહની દીકરી રીતુના લગ્ન લક્ષ્મીનારાયણ કુશ્વાહ સાથે થયા હતા. લગ્ન બાદ પતિ, સાસુ કમલેશદેવી, સસરા મુરલીધર, જેઠ સતીશ અને નણંદ અંકિતા ઉર્ફે રીંકી તેને દહેજમાં કંઈ લાવી નથી તેમ કહી અવારનવાર મેણાં-ટોણાં મારી શારીરિક-માનસિક ત્રાસ આપતા હતા. સાસરિયાંઓએ રૂ. ૨ લાખની દહેજની માંગણી કરી રીતુનું જીવવું હરામ કરી નાખ્યું હતું.

આ ત્રાસથી કંટાળીને ગત ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રીતુએ વરાછાની જવાહરનગર સોસાયટીમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

તાપમાનમાં આંશિક રાહત છતાં ભેજના વધતા ઉકળાટ

રાત્રિના તાપમાનમાં વધારો થતાં લોકો ગરમી-ઉમસથી પરેશાન

સુરતઃ સુરત શહેરમાં ગઈકાલની સરખામણીએ આજે મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાયો હોવા છતાં ભેજનું પ્રમાણ વધતાં ઉકળાટભર્યું વાતાવરણ યથાવત રહ્યું હતું. શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૬.૬ ડિગ્રી નોંધાયું હતું, જે ગઈકાલના ૩૭.૨ ડિગ્રીની સરખામણીએ ૦.૬ ડિગ્રી ઓછું રહ્યું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રીથી વધીને ૨૯.૧ ડિગ્રી નોંધાતા રાત્રિ દરમિયાન પણ ગરમીનો અનુભવ થયો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ હવામાં ભેજનું પ્રમાણ ગઈકાલના ૫૭ ટકાથી વધીને આજે ૬૩ ટકા થયું હતું. ભેજ વધતાં બપોર બાદ શહેરમાં ઉકળાટનું પ્રમાણ વધી ગયું હતું, જેના કારણે લોકોને ગરમી વધુ સતાવતી જોવા મળી હતી. ખાસ કરીને બપોરના સમયે રસ્તાઓ પર અવરજવર ઓછી જોવા મળી હતી. વાતાવરણના દબાણમાં પણ વધારો નોંધાયો હતો. ગઈકાલે ૧૦૦૬.૮ હેક્ટોપાસ્કલ રહેલું દબાણ આજે વધીને ૧૦૦૭.૫ હેક્ટોપાસ્કલ થયું હતું. દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ગઈકાલે ૬ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાઈ રહ્યો હતો, જ્યારે આજે તેની ઝડપ વધીને ૧૨ કિમી પ્રતિ કલાક થઈ હતી. પવનની ઝડપમાં વધારો થવાને કારણે દિવસ દરમિયાન થોડી રાહત અનુભવાઈ હતી, જોકે ભેજના કારણે ગરમીની અસર યથાવત રહી હતી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી વધવાની શક્યતા વચ્ચે વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા પવન સાથે ગરમીમાં ધીમે ધીમે ઘટાડો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

વતન જવાની તૈયારી કરી રહેલા શ્રમિક યુવકનું તાવ-ઝાડાની બીમારીમાં મોત

સુરતઃ કાપોદ્રામાં રહીને મેટ્રોની સાઈડ પર મજૂરી કામ કરતા યુવકનું તાવ અને ઝાડાની બીમારીમાં મોત થયું હતું. યુવક વતન જવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે જ અચાનક બેભાન થઈ ગયો હતો. મૂળ ઉત્તરપ્રદેશના સોનભદ્ર જિલ્લાના વતની અને હાલ કાપોદ્રાની અક્ષરધામ સોસાયટીમાં રહેતા ૧૯ વર્ષીય જયપ્રકાશ લખન રામ મેટ્રોની સાઈડ પર મજૂરી કામ કરતો હતો. છેલ્લા ચાર દિવસથી તેને તાવ અને ઝાડા થતા હતા. મેડિકલમાંથી દવા લઈને સારવાર કરી રહ્યો હતો, છતાં તબિયતમાં સુધારો થયો નહોતો. રવિવારે સવારે વતન જવાની તૈયારી દરમિયાન અચાનક બેભાન થઈ જતા તેને સ્મીમેર હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

શેરમાં રોકાણ કરાવી સેલ્સમેન સાથે 14.60 લાખની ઠગાઈ

સોશિયલ મીડિયા પર જાહેરાત જોઈને યુવક ગ્રુપમાં જોડાયો હતો

સુરતઃ મૂળ રાજસ્થાનના બાલોતરાના વતની અને હાલ પર્વત પાટિયા, અવધૂત ધામ સોસાયટીમાં રહેતા ૨૧ વર્ષીય ધીરજકુમાર જયંતીલાલ જૈન સારોલીની માર્કેટમાં સેલ્સમેન તરીકે નોકરી કરે છે. તેમણે ૫ ટકા ગેરંટેડ વળતર મેળવવાની એક આકર્ષક જાહેરાત તેમની નજરે પડી હતી. આ લિંક પર ક્લિક કરતાં જ તેઓ ‘એચ-૪ ટ્રીનીટી કેપીટલ’ નામના એક વોટ્સએપ ગ્રુપમાં જોડાઈ ગયા હતા.

ગ્રુપ એડમિન આશુદેવી અને મુખ્ય એડમિન તિલક કુમારે શરૂઆતમાં ધીરજકુમારને એન્જલ વન એપ્લિકેશન પર રોકાણની ટિપ્સ આપી વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ રાજેશ કપૂર નામના અન્ય એડમિને વધુ નફાની લાલચ આપી પોતાની કંપનીનું બોગસ ડિજિટલ પોર્ટલ (https://www.uihfds.one) હોવાનું જણાવી તેના પર રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ભોગ બનનાર યુવકે પોતાના HDFC બેંક ખાતામાંથી ૧૫ જાન્યુઆરીથી લઈને ૧૩ ફેબ્રુઆરી દરમિયાન તેમણે અલગ-અલગ ૧૩ બેંક ખાતાઓમાં કુલ રૂ. ૧૫,૨૦,૦૦૦/- ટ્રાન્સફર કરી દીધા હતા. શરૂઆતમાં ટુકડે-ટુકડે રૂ. ૬૦,૦૦૦ વિડ્રો કરવા મળતા યુવકને શંકા ગઈ નહોતી. ત્યાર બાદ ટ્રાન્ઝેક્શન અટકી ગયું હતું. ગઠિયાઓએ પોતાની વેબસાઈટ અને વોટ્સએપ નંબરો બંધ કરી દીધા હતા. જેથી ધીરજકુમારની ફરિયાદના આધારે પોલીસે આશુદેવી, નેહા પાંડે, બોગસ લિંકના ધારકો અને અલગ-અલગ બેંક ખાતાના ધારકો સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ગોડાદરાના યુનિસેક્સ સલૂન આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું

બે મહિલાને મુક્ત કરાવાઈ, એક મહિલા સંચાલિકાની ધરપકડ, બીજી ફરાર

માલિક આસ્મા ગ્રાહક દીઠ રૂ.૫૦૦ વસૂલતી, યુવતીઓને રૂ.૨૦૦ આપતી

સુરતઃ ગોડાદરાના કેપિટલ સ્ક્વેરમાંથી AHTUની ટીમે બાતમી આધારે યુનિસેક્સ સલૂનની આડમાં ચાલતું કુટણખાનું ઝડપી પાડ્યું છે.

AHTU ક્રાઈમ બ્રાંચના હેડ કોન્સ્ટેબલને માહિતી મળી હતી કે ગોડાદરાના કેપીટલ સ્ક્વેર બિલ્ડિંગના પ્રથમ માળે આવેલી “સ્ટાર યુનિસેક્સ સલૂન” નામની દુકાનમાં ગ્રાહકો બોલાવી દેહવ્યાપાર ચલાવવામાં આવી રહ્યો છે. પોલીસે છટકૂ ગોઠવી એક ડમી ગ્રાહકને રૂ. ૫૦૦ની ચિહ્નિત નોટ આપી સલૂનમાં મોકલ્યો હતો.

થોડા સમય બાદ ઈશારો મળતા જ પોલીસે સલૂન પર દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. દરોડા દરમિયાન કાઉન્ટર પર બેઠેલી ફાતમા રહિમ ગોકરાણી (રહે., કોસાડ આવાસ, અમરોલી) મળી આવી હતી. ત્યારબાદ અંદરની કેબિનમાં તપાસ કરતાં ડમી ગ્રાહક સાથે ૨૬ વર્ષીય યુવતી કઢંગી હાલતમાં મળી આવી હતી. વધુ તપાસમાં અન્ય એક ૪૦ વર્ષીય મહિલા ગ્રાહકની રાહ જોતી હોવાનું પણ સામે આવ્યું હતું.

પકડાયેલી મહિલાઓની પૂછપરછ દરમિયાન ખુલાસો થયો હતો કે સલૂનની માલિક આસ્મા નામની મહિલા ગ્રાહક દીઠ રૂ.૫૦૦ વસૂલતી હતી.

જેમાંથી યુવતીઓને રૂ. ૨૦૦ આપવામાં આવતા હતા અને બાકીના રૂ.૩૦૦ કમિશન તથા દુકાનના ભાડા પેટે રાખવામાં આવતા હતા. પોલીસે સ્થળ પરથી ડમી ગ્રાહકે આપેલી ચિહ્નિત નોટ સહિત કુલ રૂ.૩,૬૫૦ રોકડા, રૂ.૧૧ હજારની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૪,૬૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે ગોડાદરા પોલીસે સલૂનની માલિક આસ્મા તથા સંચાલિકા ફાતમા રહિમ ગોકરાણી વિરુદ્ધ ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ફરાર માલિક આસ્માને ઝડપી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

રાત્રે 11 વાગ્યે જ...

ડરથી સરકારના આદેશથી હાલમાં આ કામગીરી કરાઈ રહી હોવાની વાત શહેરના રાજકીય અને સામાજિક અગ્રણીઓ કહી રહ્યાં છે. રાજકીય આગેવાનો માની રહ્યાં છે કે, એક તરફ રાત્રે 2 વાગ્યે પણ છોકરી બિન્દાસ્ત શહેરમાં ફરી શકે તેને સુરક્ષાની દ્રષ્ટીએ સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે તો રાત્રે 11 વાગ્યે શહેર બંધ કરાવીને પોલીસ શું સાબિત કરવા માંગે છે? સુરત પોલીસને કદાચ ખબર નહીં હોય સુરતની ઓળખ ‘ કાશીનું મરણ અને સુરતનું જમણ’ તરીકે છે. રાત્રે ખાણીપીણીની લારીઓ પર નાસ્તો કરવો તે સુરતનું કલ્ચર છે. પરંતુ પોલીસ તેને દંડાથી કચડી રહી છે તેવું માનતા રાજકીય અગ્રણીઓ કહી રહ્યા છે કે, સૌથી વધુ હત્યા ઉધનાપટ્ટી પર થઈ રહી છે. ત્યાં કદાચ પોલીસ દબાણ વધારે તો સમજી શકાય. પરંતુ જ્યાં મર્ડર નથી થયા તેવા અડાજણ, વેસુ, સિટીલાઈટ, પાલમાં દસ વાગતાની સાથેજ ખાણીપીણીની લારીઓને તાળા મરાવતા આ મામલો હાલમા કોકરોચ જનતા પાર્ટીના ડરથી અમલ કરાઈ રહ્યો હોવાની ચર્ચા છે. પોલીસ ગુનાખોરી પર કાબૂ મેળવી શકતી નથી એટલે યુથ પર ગુસ્સો ઉતારી રહી છે.

એક બે દિવસમાં...

વ્યવસ્થાની પરિસ્થિતી જાળવવા માટે આ કામગીરી કરવામાં આવી રહી છે. તેમાં કોઇ ખાસ એજન્ડા નથી.

હત્યાઓ તો દિવસે...

છે તો પછી અચાનક પોલીસની આ દાદાગીરી કોકરોચ જનતાપાર્ટીના ડરથી હોવાની વાત હાલમા જે ચર્ચાઇ રહી છે તે સત્ય છે. જો યુથ એક સાથે ખાણીપીણીની લારીઓ પર ભેગો થાયતો વિદ્રોહ થવાની બીક સંભવત સત્તાધીશોને લાગી રહી છે.

નેપાળ અને...

માટેનો પોલીસનો આશય સમજાતો નથી. આ લોકશાહીમાં સામાન્ય નાગરિકના અધિકારીઓનુ સીધુ હનન છે. કોકરોચ રાજકીય પાર્ટીથી સરકાર ડરી રહી હોવાનુ ચિત્ર પોલીસ મશીનરીનો જે રીતે ઉપયોગ થઇ રહ્યો છે તેનાથી ઉભું થાય છે.

દારુના અડ્ડાને...

ખાણીપીણીની લારીઓ પોલીસને ખટકી રહી છે. આ મામલે ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજમા એક તરફ હત્યાનો દૌર છેડાયો છે બીજી તરફ સામાન્ય લોકોના રાબેતા મુજબની રહેણી કરણીને પોલીસને આદેશ આપીને હેરાન કરવામા આવી રહી છે. આ શહેરમા દારૂ મધ્યરાત્રિએ મળતો હોય તો પછી ખાણીપીણીની શોખીન જનતાને શા માટે પોલીસ રંજાડી રહી છે.

UPSCનું 2023...

એનાલિસિસ આધારિત પ્રશ્નોએ ઉમેદવારોને પરસેવો છૂટાડી દીધો હતો. ઘણા ઉમેદવારોનું કહેવું હતું કે પ્રશ્નો સમજવામાં જ સમય પસાર થઈ જતા અંતિમ પ્રશ્નો માટે પૂરતો સમય બચ્યો નહોતો. યુપીએસસીના પ્રશ્નપત્રમાં ઈતિહાસ, ભૂગોળ, સંસ્કૃતિ, અર્થતંત્ર અને ટેકનોલોજી સહિતના વિષયોનું વિશાળ વૈવિધ્ય જોવા મળ્યું હતું. ઉમેદવારોને નદીઓના પ્રાચીન અને અર્વાચીન નામો, બુદ્ધની આઈકોનોગ્રાફી, સુભાષચંદ્ર બોઝ, પાલી ભાષાના સિક્કા અને ઈન્ટરપોલ નોટિસ જેવા વિષયો ઉપરાંત આંદામાન-નિકોબાર દ્વીપસમૂહની આબોહવા, વિરંઝમ બંદર, ભારત ફોરકાસ્ટ સિસ્ટમ અને બ્લોકચેન ટેકનોલોજી અંગે પણ પ્રશ્નો પૂછાયા હતા. આ ઉપરાંત RBIના નાણાકીય સમાવેશ સૂચકાંક અને સતત વિકસતી ડિજિટલ અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા વિષયોનો સમાવેશ થવાથી પરીક્ષાનું વ્યાપક દ્દષ્ટિકોણ સ્પષ્ટ થયો હતો. સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતોના મતે વર્ષ 2023 પછીનું આ સૌથી મુશ્કેલ પ્રશ્નપત્ર માનવામાં આવી રહ્યું છે.

હાજરીમાં બીજા સેશનમાં ઘટાડો

સુરતમાં પ્રથમ સેશનમાં 2498 ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે બીજા સેશનમાં આ આંકડો ઘટીને 2470 રહ્યો હતો. પ્રથમ સેશન બાદ જ પ્રશ્નપત્રની કઠિનતા અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. કેટલાક ઉમેદવારો માનતા હતા કે લાંબા પ્રશ્નોના કારણે માનસિક થાક પણ બીજા સેશનમાં અસરકારક બન્યો હતો.

કોર્ટ રૂમની બહાર પક્ષકારો વચ્ચે તકરાર

‘તું નીચ જ્ઞાતિનો છે, તારી સાથે ભાગીદારી કરાય?’

ઓલપાડના અસનાનની જમીન દલાલનું અપમાન કરનાર સામે ગુનો

સુરતઃ સુરતની દિવાની કોર્ટમાં ન્યાયાધીશની ચેમ્બર બહાર જ બે પક્ષકારો વચ્ચે જમીનની ભાગીદારીના નાણાંની લેતીદેતી મામલે ઉગ્ર બોલાચાલી થતાં મામલો બિચક્યો હતો. જમીન દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા એક આધેડને સામાવાળાએ જાહેરમાં જ્ઞાતિસૂચક અપશબ્દો કહી, ‘નાની જ્ઞાતિના લોકોને મોઢે લગાવવું પાટીદારની શાનની ખિલાફ છે’ તેમ કહી અપમાનિત કર્યાની ઘટના સામે આવી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ઓલપાડના અસનાડ ગામે રહેતા અને છેલ્લા ૧૫ વર્ષથી જમીન લે-વેચનો ધંધો કરતા ૫૩ વર્ષીય નટવરભાઈ હરીભાઈ સુરતીએ વરાછાના અશોકભાઈ વેલજીભાઈ સવાણી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ,ગત ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સુરતની દિવાની કોર્ટમાં બંને વચ્ચે ચાલી રહેલા એક કેસની મુદત હતી. નામદાર જજ પી.એસ. સિંધી સાહેબે મામલો સમાધાન પર હોવાથી બંને પક્ષકારોને કોર્ટ રૂમ નંબર ૬૧૬ની બહાર પેસેજમાં વકીલોની હાજરીમાં વાતચીત કરવા જણાવ્યું હતું.

પેસેજમાં વકીલો અને અન્ય પક્ષકારોની હાજરીમાં જ્યારે સમાધાનની વાત શરૂ થઈ, ત્યારે નટવરભાઈએ અગાઉ મોજે ઉન ખાતેની રૂ. ૫ કરોડના સોદાવાળી જમીનમાં પોતાના નિકળતા ભાગના કાયદેસરના નાણાંની માંગણી કરી હતી. આ સાંભળતા જ અશોકભાઈ સવાણી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે જાહેરમાં ગર્જના કરી નટવરભાઈને માં-બહેન સમી ગાળો આપી હતી અને જ્ઞાતિ પ્રત્યે ધિક્કાર વરસાવતા કહ્યું કે, “તું નીચ જ્ઞાતિનો છે, તારી સાથે હું ભાગીદારી કરું? નાની જ્ઞાતિના લોકોને મોઢે લગાવવું પાટીદારની શાનની ખિલાફ છે.” એટલું જ નહીં, તેને ખોટા કેસોમાં ફસાવી દેવાની અને આખો સમાજ ડરે તેવી ધમકી પણ આપી હતી. આ સમયે હાજર વકીલોએ અશોકભાઈને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો કે આવું કરવાથી નવો કેસ બનશે, પણ તેઓ માન્યા ન હતા. ફરિયાદમાં વધુ જણાવ્યા મુજબ,વર્ષ ૨૦૧૯માં બંને વચ્ચે ઓળખાણ થઈ હતી અને ભાગીદારીમાં પ્લોટ લેવાનું નક્કી થયું હતું. તે સમયે સિક્યુરિટી પેટે આપેલો રૂ. ૨.૫૦ લાખનો ચેક અશોકભાઈએ પરત આપ્યો ન હતો. બાદમાં ઉન ગામની કરોડોની જમીન બાબતે બંને વચ્ચે ખટરાગ થયો હતો, જેમાં અશોકભાઈ અગાઉ જેલયાત્રા પણ કરી ચૂક્યા છે. તે અદાવતમાં અશોકભાઈએ નટવરભાઈનો સિક્યુરિટી ચેક ખોટી રીતે બાઉન્સ કરાવી કોર્ટ કેસ કર્યો હતો. અગાઉ ઓલપાડ સબ-રજિસ્ટ્રાર કચેરીએ પણ અશોકભાઈએ ‘ચેકનો કેસ પાછો નહીં ખેંચું અને જેલભેગો કરીશ’ કહી જ્ઞાતિવિષયક અપમાન કર્યું હોવાનો આક્ષેપ છે. ઘટના અંગે અગાઉ એસસી-એસટી સેલમાં અરજી કરવામાં આવી હતી. જેની તપાસ બાદ ગત રોજ ઉમરા પોલીસમાં અશોક સવાણી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

કાપોદ્રામાંથી 1.34 કિલો ગાંજા સાથે પેડલર ઝડપાયો

સુરતઃ પોલીસને બાતમી મળી હતી કે, રોનક બેલડીયા નામનો ઈસમ કાપોદ્રાની સાઈનાથ સોસાયટી પાસે આવેલી સોમનાથ સોસાયટીના મકાન નંબર ૫૫/૫૬ના પહેલા માળે, રૂમ નંબર ૫માં છૂપી રીતે ગાંજાનો જથ્થો સંતાડીને તેનું વેચાણ કરી રહ્યો છે. બાતમીવાળા સ્થળે પોલીસે તુરંત જ દરોડો પાડતા ત્યાં હાજર રોનક નરેશભાઈ બેલડીયા (ઉં.વ.૨૮., રહે., સોમનાથ સોસાયટી, કાપોદ્રા, મૂળ રહે., પડવા-બાડી, તા. ઘોઘા, જિ.ભાવનગર) ઝડપાઈ ગયો હતો. રૂમની તલાશી લેતાં પોલીસને રૂ.૬૭,૦૫૦ની કિંમતનો ૧,૩૪૧ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આ સિવાય છૂટક વેચાણ માટે નશાના બંધાણીઓને આપવા રાખેલી ૭૭ નંગ નાની પ્લાસ્ટિકની ખાલી થેલીઓ મળી આવી હતી.

સરથાણામાં દેવું વધી જતાં જમીન દલાલે ૧૪મા માળેથી પડતું મુક્યું

સુરતઃ સરથાણા વિસ્તારમાં રહેતા જમીન દલાલે ૧૪મા માળેથી પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણ કારણભૂત હોવાનું સામે આવ્યું છે.

મૂળ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના માનવિલાસ ગામના વતની અને હાલ સરથાણા ખાતે સેલિબ્રેશન હોમ્સમાં રહેતા ૪૫ વર્ષીય પ્રેમ પરસોત્તમભાઈ ગોરસિયા જમીન દલાલી કરતા હતા. ગઈકાલે સવારે ઓફિસે જવાનું કહી તેઓ ધાબા પર ગયા હતા. ત્યારબાદ ૧૪માં માળેથી પડતું મૂક્તા ગંભીર ઈજાને કારણે તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં દેવું વધી જતાં તેમણે આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. વધુ તપાસ સરથાણા પોલીસ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી શહેરમાં આપઘાતના બનાવો બની રહ્યાં છે.